# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-11-2026** **Midday: 1.20 TO 1.30**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**********

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બેંગલુરુમાં સ્વામી વિવેકાનંદ યોગ સંશોધન સંસ્થાના સુવર્ણ જયંતિ સમારોહ તથા લેખક અને વિદ્વાન એચ.વી. શેષાદ્રીના શતાબ્દી સમારોહમાં ઉપસ્થિત રહ્યા.
2. શ્રી મોદીએ કેરલમના તિરુવનંતપુરમ ખાતે સુવર્ણ જયંતિ વહીવટી બ્લોકનું ખાતમુહૂર્ત અને એસ-વ્યાસા ઓફ-કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું.
3. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિવિધ ખેલાડીઓને રાષ્ટ્રીય રમત પુરસ્કાર 2025થી સન્માનિત કર્યા.
4. રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, સમગ્ર કોંકણ રેલવે લાઇનને બમણી કરવી સરકારની પ્રાથમિકતા.
5. અમેરિકા તરફ સ્થળાંતર કરનારા કાફલાઓને રોકવામાં નહીં આવે તો ટેરિફ બમણો કરવાની અમેરિકાના રાષ્ટ્રપ્રમુખની મેક્સિકોને ચીમકી.

---

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM-KARNATAKA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બેંગલુરુમાં સ્વામી વિવેકાનંદ યોગ સંશોધન સંસ્થાના સુવર્ણ જયંતિ સમારોહ તથા લેખક અને વિદ્વાન એચ.વી. શેષાદ્રીના શતાબ્દી સમારોહમાં ઉપસ્થિત રહ્યા. શ્રી મોદીએ કેરલમના તિરુવનંતપુરમ ખાતે સુવર્ણ જયંતિ વહીવટી બ્લોકનું ખાતમુહૂર્ત કર્યું. તેમજ એસ-વ્યાસા ઓફ-કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે સંબોધન કરતાં પ્રધાનમંત્રીએ સ્વસ્થ જીવનશૈલી અને માનવ સમાજના સર્વાંગી વિકાસમાં આયુર્વેદ અને યોગના યોગદાન અંગે વાત કરી. તેમણે કહ્યું કે યોગ અને આયુર્વેદે ભારત અને તેના પરંપરાગત જ્ઞાન પ્રત્યે વિશ્વનો રસ જાગૃત કર્યો છે.

**(BYTE – PM KARNATAKA YOGA)**

શ્રી મોદીએ શ્રદ્ધેય એચ વી શેષાદ્રીને યાદ કરતાં કહ્યું, તેમણે પોતાનું સમગ્ર જીવન વ્યક્તિ નિર્માણથી રાષ્ટ્રનિર્માણના અભિયાનમાં સમર્પિત કર્યું. પ્રધાનમંત્રીએ તેમની વિનમ્રતા અને સંગઠન ક્ષમતાનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, પોતે પાછળ રહીને બીજાને આગળ વધારવા અને લોકોને રાષ્ટ્રસેવા માટે તૈયાર કરવા એ એચ વી શેષાદ્રીના વ્યક્તિત્વની વિશેષતા હતી.

**(BYTE – PM SESHADRI)**

# PM BANGULURU VISIT

આ ઉપરાંત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તવરેકેરેથી IIM બેંગલુરુ મેટ્રો સ્ટેશન સુધી મેટ્રો સેવાને લીલી ઝંડી આપશે અને તેમાં મુસાફરી કરશે. ત્યારબાદ, પ્રધાનમંત્રી બેંગલુરુમાં 15 હજાર 600 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસકાર્યોનો લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. પ્રધાનમંત્રી મૈસુરની પણ મુલાકાત લેશે, જ્યાં તેઓ ભારત વન ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લેશે. સાંજે શ્રી મોદી કોસ્મોસ-મૈસુર પ્લેનેટેરિયમનું પણ ઉદ્ઘાટન કરશે.

# PM MODI VISIT CANCEL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આવતીકાલનો શક્તિપીઠ અંબાજીનો પ્રવાસ રદ કર્યો. ગુજરાતના ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, લાભ પાંચમના પર્વ નિમિત્તે ભક્તોને અંબાજીમાં દર્શન માટે કોઈ મુશ્કેલી ન પડે તે હેતુથી પ્રધાનમંત્રીએ પ્રવાસ રદ કરવાનો નિર્ણય કર્યો છે.

**(BYTE: HARSH SANGHAVI, DY.CM - GUJARAT)**

# REV PREZ - NATIONAL SPORTS AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત સમારોહમાં રાષ્ટ્રીય રમતગમત પુરસ્કારો 2025 એનાયત કર્યા. રમતગમતમાં શ્રેષ્ઠતાને ઓળખવા અને પુરસ્કાર આપવા માટે દર વર્ષે આ પુરસ્કારો આપવામાં આવે છે. વર્ષ 2025 માટે રમતગમત અને રમતોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે કુલ 17 ખેલાડીઓને અર્જુન પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં એથ્લેટ તેજસ્વિન શંકર અને પ્રિયંકા ગોસ્વામી, ચેસ ખેલાડી દિવ્યા દેશમુખ, હોકી ખેલાડી રાજકુમાર પાલ અને કબડ્ડી ખેલાડી પૂજાનો સમાવેશ થાય છે. અનુભવી ભારતીય ફૂટબોલર ઇસાઇઆહ અરુમૈનયગમને લાઇફટાઇમ શ્રેણીમાં અર્જુન પુરસ્કાર મળ્યો છે. આ સાથે પાંચ કોચને તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે 'દ્રોણાચાર્ય પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો. પરવીર સિંહ, છોટે લાલ યાદવ અને નેહા ચવ્હાણને નિયમિત શ્રેણીમાં 'દ્રોણાચાર્ય પુરસ્કાર' જ્યારે ધર્મેન્દ્ર સિંહ યાદવ અને વીરેન્દ્ર કુમારને લાઇફટાઇમ શ્રેણીમાં પુરસ્કાર પ્રાપ્ત થયા. પુણે સ્થિત આર્મી પેરાલિમ્પિક નોડને રમતગમતના પ્રોત્સાહન અને વિકાસમાં નોંધપાત્ર યોગદાન બદલ રાષ્ટ્રીય ખેલ પ્રોત્સાહન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# VAISHNAW - AKASHVANI FM

રેલવે, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કોંકણ પ્રદેશ અને દરિયાકાંઠાના કર્ણાટકમાં રેલવે માળખાને મજબૂત બનાવવા માટે કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. આકાશવાણી ઉડુપી ખાતે એક કિલોવોટના નવા એફએમ ટ્રાન્સમીટરનું ઉદ્ઘાટન કર્યા બાદ તેમણે જણાવ્યું કે ઉડુપીમાં એફએમ ટ્રાન્સમીટરનું ઉદ્ઘાટન જિલ્લામાં જાહેર પ્રસારણ સેવાઓના વિસ્તરણ તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે સમગ્ર કોંકણ રેલ્વે લાઇનને બમણી કરવી સરકારની પ્રાથમિકતા છે અને તેને તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દરિયાકાંઠાના પ્રદેશના વિકાસ માટે જરૂરી માળખાગત પ્રોજેક્ટ્સને સતત મંજૂરી આપી રહ્યા છે. તેમણે જણાવ્યું કે સમગ્ર પ્રદેશ માટે એક વ્યાપક માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવશે. દસ રોડ ઓવરબ્રિજ, બે ટનલના નિર્માણ અને અનેક રેલ્વે સ્ટેશનોના અપગ્રેડેશન પર કામ શરૂ થઈ ગયું છે.

શ્રી વૈષ્ણવે સ્થાનિક સાંસદો અને ધારાસભ્યોના પ્રદેશના વિકાસ માટેના તેમના સતત પ્રયાસો બદલ પ્રશંસા કરી. ઉડુપી કાર્યક્રમ બાદ શ્રી વૈષ્ણવ બેંગલુરુથી વંદે ભારત રેલ લિંક સંબંધિત સમારોહમાં હાજરી આપવા માટે મેંગલુરુ જવા રવાના થયા.

# PM - CHHATH MAHAPARV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચાર દિવસીય છઠ મહાપર્વના પ્રારંભ પ્રસંગે નાગરિકોને અભિનંદન પાઠવ્યા. આ તહેવાર લોકશ્રદ્ધા અને સૂર્ય ઉપાસનાનો ઉત્સવ છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ જણાવ્યું કે છઠ મહાપર્વ આજે નહાય-ખાય સાથે શરૂ થાય છે. તેમણે ઉપવાસ રાખનારા તમામ ભક્તોને શુભેચ્છાઓ પાઠવી અને છઠી મૈયાના આશીર્વાદ માટે પ્રાર્થના કરી.

# PM - SANSKRIT QUOTE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જીવનમાં ધર્મ, પ્રામાણિકપણે કમાયેલી સંપત્તિ, ખોરાક, ગુરુના ઉપદેશો અને આરોગ્ય સંબંધિત જ્ઞાનના મહત્વને સમજવા અને અપનાવવાના મહત્વ પર ભાર મૂક્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં સંસ્કૃત શ્લોક સુભાષિતમ્ શેર કરતા શ્રી મોદીએ કહ્યું કે ધર્મ અને સદ્ગુણ, પ્રામાણિકપણે કમાયેલી સંપત્તિ, ખોરાક, ગુરુના ઉપદેશો અને માર્ગદર્શન અને દવાઓ અને આરોગ્ય વિશેના જ્ઞાનને યોગ્ય રીતે સ્વીકારવા જોઈએ અને જીવનમાં આત્મસાત કરવા જોઈએ. તેમણે કહ્યું કે જ્યાં સુધી આ સિદ્ધાંતોનું યોગ્ય રીતે પાલન ન થાય ત્યાં સુધી તેમના સાચા લાભો પ્રાપ્ત થઈ શકતા નથી.

# SHEKHAWAT- CREATIVE CONCLAVE

ભારતની સર્જનાત્મકક્ષમતા દેશના આર્થિક ભવિષ્યને વેગ આપવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. આજેનવી દિલ્હીમાં ભારતના સર્જનાત્મક અર્થતંત્ર પર એક સંમેલનમાંસંબોધન કરતાં કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે આમ જણાવ્યું હતું.

શ્રી શેખાવતે ભાર મૂક્યો કે ભારતનો સાંસ્કૃતિક વારસો એક જીવંત અને સતતપરંપરા છે, જ્યાં સર્જનાત્મકતાકોઈ ચોક્કસ સમયગાળા કે પ્રદેશ સુધી મર્યાદિત નથી. તેમણેદેશની સાંસ્કૃતિક અને સર્જનાત્મક શક્તિને આર્થિક લાભ તરીકે ઓળખવાની અનેસમૃદ્ધિ તરફ ભારતની યાત્રાને વેગ આપવા માટે તેની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

# ASEAN - TANDON

વિદેશ મંત્રાલયમાં પૂર્વ વિભાગના સચિવ, રૂદેન્દ્ર ટંડને આજે નવી દિલ્હીમાં એક કાર્યક્રમ દરમિયાન આસિયાન-ભારત વિકાસ સહકાર અહેવાલ 2026 ની ત્રીજી આવૃત્તિ અંગેનો અહેવાલ બહાર પાડ્યો. આ અહેવાલ ભારત અને આસિયાન સભ્ય દેશો વચ્ચે વેપાર અને દરિયાઈ ક્ષેત્રોમાં સહયોગને આગળ વધારવા માટે અનેક વ્યવહારુ નીતિ સૂચનો રજૂ કરે છે.

આ પ્રસંગે સંબોધન કરતાં શ્રી ટંડને જણાવ્યું કે તમામ અગિયાર આસિયાન સભ્ય દેશો સાથે ભારતના સક્રિય દ્વિપક્ષીય સંબંધો ઉપરાંત, ભારતે આસિયાન સાથેના તેના જોડાણ અને સહયોગમાં દરિયાઈ ક્ષેત્રની પ્રવૃત્તિઓને પ્રાથમિકતા આપી છે.

# TRUMP - MEXICO TARIFFS

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મેક્સિકોથી અમેરિકા સ્થળાંતર કરનારા લોકોને રોકવામાં નહીં આવે તો મેક્સિકો પર બમણો ટેરિફ લાદવાની ધમકી આપી છે. તેમણે વેપાર પ્રતિબંધોને કડક ઇમિગ્રેશન અમલીકરણની તેમની માંગ સાથે જોડ્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી ટ્રમ્પે જણાવ્યું કે મેક્સિકોથી સ્થળાંતર કરીને અમેરિકા આવતા લોકોને પ્રવેશવાની મંજૂરી આપવામાં નહીં આવે. જે અંગે મેક્સીકન અધિકારીઓ અને યુએસ ઇમિગ્રેશન એજન્સીઓને સૂચિત કરવામાં આવ્યા છે.

દરમિયાન મેક્સીકન રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શેનબૌમે જણાવ્યું કે જાન્યુઆરી 2025 માં ટ્રમ્પ સત્તામાં આવ્યા બાદ  કોઈ સ્થળાંતર કરનારા કાફલા યુએસ સરહદ પર પહોંચ્યા નહીં હોવાનું મેક્સીકન રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શેનબૌમે જણાવ્યું હતું.